ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૬-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

વોરૂમમાં વડાપ્રધાન

પાકિસ્તાન સાથે સમભાવ અને સદ્‌ભાવપૂર્ણ સંબંધો જાળવવા માટેના છેલ્લી ઘડી સુધીના પ્રયાસો ભારત આદિ-અનાદિથી કરતું રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ એ પરંપરાને અનુસરી શપથવિધિના દિવસથી જ સુલેહશાંતિનો સંદેશ પાઠવવા ચેષ્ટા કરી હતી. ચૂંટણી પ્રચાર દરમિયાન મિયાં નવાઝ શરીફને અનેક મુદ્દે પડકારતા રહી ભારતીય પ્રજામાનસને પ્રભાવિત કરનાર વિચક્ષણ નેતાએ શપથવિધિ સમારોહમાં પાક વડાપ્રધાનને માનભેર નોતરું પાઠવી એમની કુનેહનો જ પરિચય આપ્યો હતો. બીજે દિવસે શરીફ સાથેની અધિકૃત મુલાકાત ટાણે એમણે શાંતિ-સુલેહ માટે સરહદ પર થતી ઘુસણખોરી અને ગોળીબાર જેવી ઘટનાઓ સત્વરે અટકાવવાનું માર્મિક સૂચન કર્યું હતું. નવાઝ શરીફની માતા માટે એમણે ભારત તરફથી શાલ મોકલી આપીને હૂંફાળા સંબંધોનો સૂત્રપાત કર્યો હતો, જેના પ્રતિભાવ સ્વરૂપે શરીફે નરેન્દ્ર મોદીનાં વૃદ્ધ માતા માટે સફેદ સાડલો મોકલી સાનુકૂળ સંદેશ પાઠવ્યો હતો. બેઉ વડાપ્રધાનો વચ્ચે થયેલ વાતચીતથી શરીફ સંતુષ્ટ હોવાનો એકરાર કરતો પત્ર પણ આવ્યો હતો. પરંતુ મોદી એ પત્રના પ્રત્યુત્તર પાઠવી રહ્યા હતા તે જ દિવસે જમ્મુ અને કાશ્મીરના સરહદી વિસ્તારોમાં પાક આર્મીએ એની નીયતનો પરચો આપી દીધો હતો. યુદ્ધવિરામનો ભંગ કરીને કરાયેલ ગોળીબાર અને તોપમારામાં સરહદની ચોકી કરતો ભારતીય સૈનિક શહીદ થયો હતો અને પ્રજાજનોને પણ નુકસાન પહોંચ્યું હતું. હિંદી-ઉર્દૂમાં એક કહેવત બહુ પ્રચલિત છે : લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે. પાકિસ્તાન સાથે સુહેલ શાંતિની વાતો છેક મહાત્મા ગાંધી અને પંડિત જવાહરલાલ નહેરુના જમાનાથી થતી રહી છે. પરંતુ દરેક વખતે પાકિસ્તાને એની જાત પરખાવી છે. ઈન્દિરા ગાંધીએ બાંગ્લાદેશને આઝાદ કરાવી એની એક પાંખ તોડી નાખી એ પછી તો પાક આર્મી વધુને વધુ દુશ્મનાવટ પૂર્વક વર્તતું રહ્યું છે. હિંદુસ્તાનને પાક કટ્ટરપંથીઓ, પાક આર્મી અને એની નામચીન ગુપ્તચર સંસ્થા- આઈએસઆઈ શત્રુ દેશ ઉપરાંત હિંદુ પ્રજાને 'કાફર' માનીને સખત નફરત કરે છે. ચૂંટાયેલી સરકારને પાક આર્મી, કટ્ટરવાદી જૂથો કે આઈએસઆઈ ગાંઠતાં નથી. તેથી નવાઝ શરીફ સાથેના પ્રેમાલાપનો ડિપ્લોમેટિક સિવાય કોઈ વિશેષ મહિમા નથી, એટલું તો નરેન્દ્રભાઈ અને ભારતીય સેના સુપેરે સમજે છે. તેથી અનેક પ્રકારની વ્યસ્તતા વચ્ચે મોદીએ સીમા પર થઈ રહેલ નાપાક હરકતોને પગલે સામે ચાલીને ભારતીય સેનાના મુખ્યાલયમાં પહોંચી જઈ ત્રણ કલાક સુધી આ મુદ્દે સૈન્ય વડા સાથે ચર્ચા કરીને જરૂરી પગલાં ભરવાની સૂચના આપી છે. ભાગ્યે જ કોઈ વડાપ્રધાને અત્યાર સુધી આવી પહેલ કરી હશે. મોદી માટે સરહદ સુરક્ષાનો પ્રશ્ન કેટલી પ્રાથમિકતા ધરાવે છે, એવું આ પ્રમાણ છે. કોંગ્રેસના નેતાઓ અને પ્રવકતાઓ ટીકાટિપ્પણી કરે એ પહેલાં નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનને પાઠ ભણાવવાની વ્યૂહરચના ઘડી કાઢી છે. તેઓ પ્રેસ કૉન્ફરન્સ બોલાવીને પરંપરાગત શૈલીમાં ચીમકી નહીં આપે, જરૂર લાગશે ત્યારે તેઓ એક તરફ નવાઝ શરીફને પ્રેમપત્ર લખશે ને બીજી તરફ ભારતીય સેનાને લાઈન ઑફ કંટ્રોલ ઓળંગી શત્રુની જમીન પર જઈ ઈંટનો જવાબ પથ્થર વડે આપવાનો આદેશ કરશે. નરેન્દ્ર મોદી પાસેથી પ્રજાને આવી જ અપેક્ષા પણ રહેશે. દિલ્હી બહારનો એમનો પહેલો જ કાર્યક્રમ કેટલો સૂચક છે! એમણે ભારતીય નૌકાદળના યુદ્ધપોત આઈએનએસ વિક્રમાદિત્યનું રાષ્ટ્રપર્ણ કરી શરૂ કરેલી કારકિર્દી એક સાચા રાષ્ટ્રનાયકને છાજે એવી છે.

માણસાના ઘનશ્યામનગરમાં સ્માર્ટ સ્કૂલનો મંગલ પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૪

માણસા તાલુકાના ઘનશ્યામનગર -થમિક શાળામાં આજરોજ કન્યા કેળવણી અને શાળા

-વેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત નાણાં અને ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના હસ્તે ઘનશ્યામ નગર -થમિક શાળામાં સ્માર્ટ સ્કૂલ ન્જેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો. તેઓશ્રીના હસ્તે ધોરણ- ૧ અને ૯ અને આંગણવાડીના બાળકોને શિક્ષણ કીટ અને રમકડાં આપીને -વેશવિદ્યિ સંપન્ન કરવામાં આવી હતી.

આ -સંગે નાણાં અને ઉર્જા રાજય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયની શાસનધુરા સંભાળી ત્યારથી રાજયનો સર્વાંગી વિકાસ કરવાની દિશામાં કાર્યરત બન્યા હતા. તેમણે રાજયના સર્વાંગી વિકાસના સ્વપ્નને સાકાર કરવા માટે જ્ઞાન શક્તિને સૌથી વધુ -ાધન્ય આપ્યું હતું. કન્યા કેળવણી અને શાળા -વેશોત્સવ કાર્યક્રમ થકી ૧૨ વર્ષમાં શિક્ષણ ક્ષેત્રે આવેલું પરિવર્તન આજે તમારી સમક્ષ છે. આ કાર્યક્રમ થકી રાજયનો ડ્રોપ આઉટ રેસિયો ઘટ્યો છે. રાજયના ઘરે ઘરે શિક્ષણ હશે, તો રાજયના સર્વાંગી વિકાસની પરિકલ્પના અને ગરીબી દૂર થશે.

૧૨ વર્ષ અગાઉ રાજયના છેવાડાના ગામડાઓમાં બાળકની શાળા -વેશવિદ્યિમાં કોઈ મંત્રી આવ્યા હોય તેવું તમને યાદ છે, તેવું કહી જણાવ્યું હતું છેલ્લા ૧૨ વર્ષમાં શાળા -વેશોત્સવ કાર્યક્રમ થકી છેવાડાના ગામડાઓના બાળકોની -વેશવિદ્યિ સંપન્ન કરાવવા માટે મંત્રીશ્રીઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ સહિત અન્ય પદાધિકારીશ્રીઓ જઈ રહ્યાં છે. જેના

થકી આજે રાજયમાં શિક્ષણ -ત્યેની એક નવી જાગૃતિ આવી છે. શિક્ષણની ગુણવત્તાની ચકાસણી કરવા માટે રાજય સરકારે ગુણોત્સવ કાર્યક્રમ અમલી બનાવ્યો છે. જેના થકી બાળકોને શિક્ષકો થકી અપાતા શિક્ષણની ગુણવત્તાની ચકાસણી મંત્રીશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવે છે.

આ -સંગે મંત્રીશ્રીના હસ્તે ધોરણ- ૧ના ૩૦ બાળકો, ધોરણ- ૯ના ૫૦ બાળકો અને આંગણવાડીના ૧૭ બાળકોની -વેશવિદ્યિ સંપન્ન કરાવવામાં આવી હતી. આ -સંગે શાળામાં દાન કરનાર દાતાશ્રીઓ, ગામના વયોવૃદ્ધ વ્યક્તિ શ્રી ધેમરભાઈ ચૌધરી અને શાળામાં ધોરણ- ૩ થી ૮માં -થમ ક્રમાંકે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના -રંભે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત શાળાના શિક્ષક શ્રી અમૃતભાઈ દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિદ્યી શિક્ષક શ્રી નિલેશભાઈએ કરી હતી.

આ કાર્યક્રમમાં માણસા તાલુકા પંચાયતના -મુખ શ્રી જાગૃતિબેન પટેલ, તાલુકા સદસ્ય શ્રી અજિતસિંહ ચાવડા, માણસા તાલુકા ભાજપના -મુખ શ્રી મગનભાઈ પટેલ, માણસા નગરપાલિકાના -મુખ શ્રી ગોંવિદભાઈ પટેલ સહિત ગામના અગ્રણીઓ અને વાલી ગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતા.

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ કાર્યક્રમના અંતિમ દિને આજરોજ ગાંધીનગર તાલુકાના રાજપુર ગામ ખાતે મહિલા- બાળ કલ્યાણ અને ઉચ્ચ - ટેકનિકલ શિક્ષણ રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીના હસ્તે સ્માર્ટ સ્કૂલ -ોજેકટનો શુભારંભ કરવામાં આવ્યો હતો. તેઓશ્રીના હસ્તે આંગણવાડી અને ધોરણ-૧માં -વેશ પામતા બાળકોની -વેશવિદ્યી સંપન્ન કરાઈ હતી. મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ ગાંધીનગર તાલુકાની છાલા, કાનપુર, મહાદેવપુરા, ચંદ્રાલા ગામની સરકારી -થમિક શાળાઓમાં પણ નાના ભુલકાઓને ચંદન તિલક કરી રમકડાં અને દફતર કિટ અર્પણ કરીને -વેશ કરાવ્યો હતો.

શાળા પ્રવેશોત્સવ : ગાંધીનગર જિલ્લાના લવારપુર ગામે શનિવારે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ભારે ધામધૂમથી ઉજવાયો હતો. રાજયના નાણા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી શ્રી હિતેન્દ્ર પટેલ અને ગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

રાજપુર પ્રાથમિક શાળામાં સ્વીમીંગ પુલનું લોકાર્પણ કરતા રાજયમંત્રી વસુબેન ત્રિવેદી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર તાલુકાના રાજપુર ગામની સરકારી પ્રા. શાળામાં બાળકો માટે એક ખાસ સ્વીમીંગ પુલ બનાવાયો છે જેનું આજે રાજયમંત્રી શ્રીમતિ વસુબેન ત્રિવેદીએ લોકાર્પણ કર્યું હતું.

આ શાળામાં બપોરે ૧ વાગે યોજાયેલ પ્રવેશોત્સવનાં કાર્યક્રમમાં બાળકોએ રજુ કરેલા યોગાસનો તેમજ બાળકોની વિવિધ પ્રવૃત્તિઓથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા.

ગામમાં પહેલીવાર રાજયના

કોઈ મંત્રી આવ્યા હોય તેવી પહેલી ઘટના હોવાથી ગામમાં પણ ઉત્સાહ હતો. આ શાળા સંકુલની બાજુમાં આવેલ અમીધારા અને એ.આર. પટેલના હાઈસ્કુલના બાળકોને પ્રવેશ અપાયો હતો.

૬ મીટરxઉ મીટરના આ સ્વીમીંગ પુલના નિર્માણ કાર્ય પાછળ રૂ. ૫૦ હજાર જેટલો ખર્ચ થયો હોવાનું અનુમાન છે. આ સ્વીમીંગ પુલ પર સ્વસ્તિક દોરી અને શ્રીફળ વધેરી રાજયમંત્રીશ્રીએ લોકાર્પણ કર્યું હતું.

તેમણે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં બાળકોને તકનીકી સાથે જ્ઞાન આપવાનો

સત્તાવાળાઓના નિર્ણયને વધાવી અને સંસ્થામાં તેઓ એક દિવસ ગાળવા આવશે તેવી હૈયાધારણ આપતાં બાળકોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

શ્રીમતી ત્રિવેદીએ જણાવ્યું હતું કે જીવન શિક્ષણ આપતી આવી સંસ્થાઓ રાજયનું ગૌરવ છે. તેમણે ગુરૂજી ઓન લાઈન સોફટવેરને પણ નિહાળી પ્રસન્નતા વ્યકત કરી અને સોફટવેર બનાવનાર ગોવિંદભાઈને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રીમતી જયશ્રીબેન દેવાંગણ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

હમશકલ બોબી જાસૂસની હોલીડે કોલર ટ્યૂન

આ તો 'અક્કી' છે કે 'લક્કી'? નહીતર અંદાજે ૭૫ કરોડમાં બનેલી 'હોલીડેઁ' ખાલી રજૂઆતના પાંચ જ દિવસમાં ૫૪ કરોડ જેવો વકરો થોડો કરી લ્યે? અને હજુ વકરો ચાલુ જ છે મતલબ અક્કીની આ ફિલ્મ ૧૦૦ કરોડની ક્લબમાં સામેલ થવા જઈ રહી છે. હોલીડેના સેટેલાઈટ અને મ્યુઝીક રાઈટ ઓલરેડી ૪૦-૪૨ કરોડમાં ફિલ્મની રીલીઝ પહેલા જ વેચી નખાયેલા. સેટેલાઈટ રાઈટ ઝી ટીવી એ ખરીદેલા છે એટલે બહુ જલ્દી આપણને ઝી નેટવર્ક પર હોલીડે જોવા મળશે. પણ મજાની વાત તો એ છે કે અક્કી માટે તો આ બગાસું ખાતા પતાસું આવ્યું જેવું થયું છે કેમકે ૨૦૧૨માં આવેલી ઓહ માય ગોડ ની સફળતા પછી અક્કીના ખાતે ૪ -૪ એવરેજ ફિલ્મ બોલતી હતી. ખિલાડી ૭૮૬, સ્પેશિયલ ૨૬, વન્સ અપોન એ ટાઈમ ઈન મુંબઈ અને છેલ્લે આવેલી બોસ અક્કી ભક્તોના સાથ હોવા છતાં પણ મીડીયમ સફળ જ થયેલી. લગભગ બધી જ ફિલ્મો રોકેલા નાણા માંડ માંડ પાછા મેળવી શકી હતી એવામાં હોલીડે ની ધુંઆધાર સફળતા અક્કીની ડૂબતી નૈયા ને બચાવવામાં સફળ રહી છે. આવા માહોલમાં આ ફિલ્મ હીટ જશે એવો તો કોઈને ખ્યાલ પણ નહોતો. અત્યારે ભલે ને સફળતાના સો બાપ એ ન્યાયે બધા કુદી કુદીને વખાણ કરતા પણ રિલીજ પહેલા સુધી તો એના વિષે કોઈ ખાસ ચર્ચા હતી જ નહી. ઈવન હોલીડે સાથે જોડાયેલા લોકોને પણ એવી જ ધારણા હશે કે કેમ પણ ફિલ્મનું -મોશન પણ કઈ ખાસ દિલ લગાવીને કરવામાં નહોતું આવ્યું.

હવે જયારે ફિલ્મ હીટ જ જઈ રહી છે ત્યારે એના વખાણ કરનારા ફૂટી નીકળ્યા છે અને એ સાવ સાચા પણ છે. ગજની જેવી નવીનતાસભર ફિલ્મ બનાવનાર મુરુગાદોસનો ટચ આ ફિલ્મનું જમા પાસું છે. અક્કી - સોનાક્ષીના વાર્તામાં અવરોધ પેદા કરતા દ્રશ્યો કે વેડફાઈ ગયેલો ગોવિંદા અને પ્રિતમદાના નબળા સંગીતને ભૂલી જઈએ તો આ ફિલ્મ એની ચુસ્ત પટકથાને લીધે વધુ માણવાલાયક બની છે. ખાસ તો સ્લીપર સેલ વાળી કથા વસ્તુ (આમીર સ્ટારર સરફરોશમાં આવો સાઈડ ટ્રેક હતો) કદાચ પહેલી વાર હિન્દી સિનેમામાં મુખ્ય વાર્તા તરીકે લેવાઈ છે. સોનાક્ષીની હાજરી ઘણા દર્શકો માટે નયનરમ્ય પણ છે જ પણ સાચી કરામત કરી છે અક્કી એ. બોસ અને ખિલાડી જેવા એકસરખા પાત્રોમાં ઢળતો જતો અક્ષય આ ફિલ્મમાં જીવંત અને પુરા જોશથી પાત્ર સાથે તાદાત્મ્ય કેળવતો નજરે પડે છે અને પોતાના બેહતરીન એક્શન સીન્સ અને એકટીંગથી ફિલ્મને વધુ પ્રેક્ષણીય બનાવે છે. કાશ મુરુગદોસે થોડાક નકામાં સીન્સ પર એડીટીંગ ટેબલ પર કાતર ફેરવી દીધી હોત તો ફિલ્મ હજુ વધુ ચુસ્ત અને એકધારી બની શકી હોત છતાં પણ ત્રણેક કલાક લાંબી આ ફિલ્મ દર્શકોને ખુરશી પર જકડી રાખવામાં સફળ નીવડે છે .

જો કે બધા કઈ અક્કી જેટલા લક્કી નહિ હોતા. વિચાર કરો કે એક ફિલ્મને બનતા જેટલો સમય નથી લાગ્યો એનાથી અનેક ગણો વધુ સમય તો એ ફિલ્મ ડબ્બામાં બંધ રહી. બબ્બે વર્ષ સુધી તો કોઈ વિતરક એનો હાથ પકડવા પણ તૈયાર નાં થયો એ પણ એવી ફિલ્મ કે જેને આજથી બે વર્ષ પહેલા જ નેશનલ એવોર્ડ મળ્યો હોય. છે ને બોલીવુડની બીજી બાજુ? યસ વાત છે હટ કે ફિલ્મ 'ફિલ્મીસ્તાન' ની. ૨૦૧૨માં બેસ્ટ હિન્દી ફીચર ફિલ્મનો રાષ્ટ્રીય એવોર્ડ જીતનાર આ ફિલ્મે થીયેટરની સિલ્વર સ્ક્રીન જોતા પહેલા જયપુર, કેલિફોર્નિઆ, બુસાન, કેરાલાના ફિલ્મ ફેસ્ટીવલોમાં વાહવાહી લુંટેલી પણ ખબર નહિ કેમ એને રીલીઝ કરવાનું સાહસ કોઈ લેતું નહોતું અંતે બે -બે વર્ષ સુધી વીતરકની રાહ જોયા પછી અંતે યુટીવી એ હાથ પકડ્યો અને આ ખરેખર માણવાલાયક ફિલ્મ રજુ થઈ. અક્ષય જેવા સુપરસ્ટારની હોલીડે સાથે જ રજુ થયેલી આ ફિલ્મ પણ કોઈ જ -કારની પબ્લીસીટી વિના જ સીનેમાંઘરોમાં પહોચી ગયેલી. પહેલો દિવસ તો નબળો રહ્યો પણ પછી મોઢામોઢની પબ્લીસીટીને લીધે ફિલ્મ ઉપડી અને જો નાં ઉપડી હોત તો ખરેખર આવી હટકે અને ઓરીઝનલ વાર્તાઓ વાળી ફિલ્મો બનાવનાર લોકોને મોટો ઝાટકો લાગત. ફિલ્મોના બે દીવાનાઓની વાત કહેતી આ ફિલ્મની વાર્તા એકદમ તાઝગી સભર અને અનોખી છે. ભૂલથી પાકિસ્તાની આતંકવાદીઓની ઝપટે ચડી જતા બોલીવુડ ફિલ્મોના ગઝબના ચાહક એક ભારતીય અને બીલકુલ એવા જ દીવાના એક પાકીસ્તાની ની જુગલબંદી જબરદસ્ત રંગ લાવે છે ફિલ્મમાં. અમીતાભ બચ્ચનથી લઈ ને અનેકો એ વખાણેલી આ લાજવાબ ફિલ્મના દિગ્દર્શક નીતિન કક્કડને ભારત - પાકિસ્તાનની રાજકીય ગરમીને વચ્ચે લાવ્યા વગર એક ેક્ષણીય ફિલ્મ બનાવવા માટે ચારેકોરથી અભિનંદન મળી રહ્યા છે. નીતિન આ પહેલા હોરર ટીવી સીરીયલ સસસસ કોઈ હૈ થી આપણને ડરાવી ચુક્યા છે તો ફિલ્મ માં સન્નીનું શાનદાર કિરદાર નિભાવતો શરીબ હાશ્મી આ અગાઉ સ્લમડોગ મિલિયોનર અને જબ તક હૈ જાન જેવી ફિલ્મોમાં નાની નાની ભૂમિકા કરી ચુક્યો છે. આફતાબનું પાત્ર ભજવનાર ઈનામુલ્લાહ પણ આ અગાઉ અગ્નિપથ અને ફીરાક જેવી ફિલ્મોમાં ભૂમિકાઓ ભજવી ચુક્યો છે, એ ઉપરાંત એણે બચ્ચનની મસ્ત ફિલ્મ 'બુઢઢા હોગા તેરા બાપ'ના સંવાદો પણ લખેલા.



વિગેરે...વિગેરે...
- અજય ઉપાધ્યાય
- akurjt@gmail.com

હોલીડે જેવી ફિલ્મોની સાથે સાથે ફિલ્મીસ્તાન જેવી ફિલ્મોને પણ સારો આવકાર એ વાતની નિશાની છે કે દર્શકોને જો તમે કૈક નવું અને તાજગી સભર આપી શકતા હો તો ચોક્કસપણે સ્ટાર કે બીગ બજેટની કોઈ જ જરૂર નથી જ. ફિલ્મીસ્તાન આ લખાય છે ત્યાં સુધી વધુ ને વધુ દર્શકોને સિનેમાઘરો તરફ આવતા કરી ચૂક્યું છે અને અત્યાર સુધીમાં ૭ કરોડ જેવું કલેક્શન પણ મેળવી ચૂક્યું છે જે આ -કારની લો બજેટ ફિલ્મ માટે ખરેખર સારું કહી શકાય. ખરેખર તો આ અને આવી બીજી ફિલ્મો માટે રોકેલા નાણા પરત મળે એ તો ખુશીની વાત હોય જ પણ સાથે સાથે આવી ફિલ્મોની આછી પાતળી સફળતાથી આવી હટકે ફિલ્મો બનાવનારાઓ એ વાતનો સંતોષ પણ લઈ શકે કે દર્શકો સારી ફિલ્મોને સ્ટાર કાસ્ટ કે ગ્લેમર વગર પણ વધાવે જ છે. આવી જ એક બીજી ફિલ્મ 'સીટીલાઈટ્સ' પણ આ સાથે જ રજુ થઈ. કંગનાની સુપરહિટ ક્વીન ના હીરો રાજકુમાર અને પત્રલેખાને ચમકાવતી આ ફિલ્મ આર્ટ ફિલ્મોના ચાહકોને ગમે એવી છે. માનવીય લાગણીઓ અને લાલચની શહેરોના અંધારામાં ઉજાગર થતી સ્ફોટક વાર્તાને દિગ્દર્શક હંસલ મેહતાએ પોતાની આગવી રીતે રજુ કરી છે. બેશક પોપ્યુલર સિનેમાના તત્વો આ ફિલ્મમાં ગાયબ છે પણ છતાંયે સચોટ ડાયલોગ અને અમુક ચોકાવનારા દ્રશ્યોને લીધે આ ફિલ્મ પણ જોવાલાયક છે પણ હા વધુ પડતો ભાગ આર્ટ કે કલાત્મક ફિલ્મની જેમ બનાવાયેલો હોવાથી મુખ્ય સિનેમાના ચાહકો એ ફિલ્મીસ્તાનની જેમ આ ફિલ્મને બહુ વધાવી નથી લીધી છતાં પણ હંસલનો આ -યાસ પણ સરાહનીય છે.

હોલીડે ની ધમાકેદાર સફળતા અને ફિલ્મીસ્તાન જેવી ફિલ્મો નું સારું -દર્શન બોલીવુડ માટે ઓક્સીઝનની ગરજ સારે છે અને આવનારી ફિલ્મોના વિતરકોમાં આશાનો સંચાર કરે છે. ઓલમ્પિક બોક્સર વિજેન્દ્રને ચમકાવતી અને યે ફ્રગલી ફ્રગલી ક્યાં હૈ જેવું રાપચીક ગીત ધરાવનાર ફ્રગલી તો આ શુક્રવારે રીલીઝ થઈ ચુકી છે અને પ્રારંભિક અહેવાલો મુજબ આ ફિલ્મ કોઈ લાંબી રેસનો ઘોડો હોય એવું લાગતું નથી. એક જ વાર્તામાં દોસ્તી, દેશભક્તિ ને લવ-સવ બતાવવાના ચક્કરમાં વાર્તા મુખ્ય -વાહથી છૂટી ગઈ છે છતાં હજુ કઈ વધુ કહેવું વહેલું ગણાશે પણ ફ્રગલી ખાસ દેખાવ નહિ કરી શકે એ નક્કી છે ત્યારે બોલીવુડની નજર ૨૦ જુને આવનારી કોમેડિયન - એન્કર સાજીદખાનની હમશકલ પર છે. હિન્દી ફિલ્મોમાં પહેલી વાર ત્રણ મુખ્ય પુરુષ પાત્રો ટ્રીપલ રોલમાં આ ફિલ્મ માં નજરે પડશે. સૈફ, રીતેશ અને રામ કપૂર અનુક્રમે અશોક, કુમાર અને મામાજીના ત્રણ ત્રણ હમશકલ પાત્રોમાં નજરે પડશે એટલે તો એની ટેગ લાઈન માં લખ્યું છે કે 'નાઈન ટાઈમ ફન.' સાજીદ અમથોય કોમેડી ફિલ્મો નો માસ્ટર છે જેમ રોહિત શેટ્ટીની ફિલ્મો માં અચંબિત કરી દેનારા એક્શન હોય છે બીલકુલ એમ જ સાજીદની ફિલ્મ માં કોમેડીના નવીન પંચ અને હાસ્ય ના ફુવારા હોય જ. સૈફને ફૂલ લેન્થ કોમેડી ફિલ્મ કરવી હતી, રીતેશ તો સાજીદની અગાઉની ફિલ્મો કરી ચુક્યો છે અને રામકપૂર જૂની દોસ્તીના નાતે આ ફિલ્મમાં છે તો કદાચ ઘણા વખત પછી એક સમયનો લોકપ્રિય કોમેડિયન સતીશ શાહ પણ આ ફિલ્મમાં જોવા મળશે. ટ્રેલર પર થી તો દેખાય જ આવે છે કે સાજીદના આ તીડવા પાત્રો સો ટકા હાસ્ય નું હુલ્લડ મચાવશે જ અને બોલીવુડને ફરી એક વધુ ૧૦૦ કરોડી ફિલ્મ મળશે જ. ઉપરથી લટકામાં બિપાશા બાસુ, તમન્ના અને એષા ગુજ્ઞાનો જલવો તો છે જ પણ સાથે સાથે આપણા ગુજ્જુ હીમેશભાઈનું લોકપ્રિય સંગીત ય છે. ફૂટ ટેપિંગ મુજકો બનાલે કોલર ટ્યુન તો ક્યારનું હીટ થઈ જ ગયું છે તો કવ્વાલી સોંગ પિયા કે બાઝાર પણ ચાર્ટ બસ્ટર છે. ખોલ દે દિલ કી ખિડકી અને હમ પાગલ નહિ હૈ પણ કર્ણપ્રિય બન્યા છે. એક્સપોઝ જેવી ફ્લોપ ફિલ્મો કરવા કરતા હીમેશ સંગીત પર વધુ ધ્યાન આપે એ એના અને આપણા બંને માટે હિતાવહ છે. હમશકલ સુપર હીટ શ્રેણીમાં સામેલ થવાની બધી લાયકાત ધરાવે છે.

ચોથી જુલાઈ એ સિનેમાના પરદા પર કરમચંદનો પ્રવેશ થશે. ચોકી ગયા ને ? જો કે ગાજર ચાવતો અને ડફોળ જેવી સેક્રેટરી સાથે કેસ સોલ્વ કરતા કરમચંદને અહી એટલા માટે યાદ કર્યો કે ૪ જુલાઈ એ કહાની જેવી ફિલ્મ માં બેહતરીન અભિનય કરનાર વિદ્યા બાલન આવશે 'બોબી જાસૂસ' બની ને. અભિનેત્રીમાં થી નિર્માત્રી બનેલી દિયા મિર્ઝાની લવ બ્રેક અપ જીન્દગી પછી નિર્માણ કરાયેલી આ હલકી ફુલકી જાસૂસ ફિલ્મમાં વિદ્યા એક, બે નહિ પણ પુરા આઠ પાત્રો માં નજરે પડશે. અસલમાં આ આઠ લુક ફાઈનલ કરતા પહેલા વિદ્યા એ ૧૨૦ જેવા પાત્રોનો દેખાવ ધારણ કરેલો અંતે એમાંથી ફિલ્મમાં આપણને ટીચર, માછીમાર, જયોતિષ, પ્યુન, ડબ્બાવાળી, વકીલ જેવા વિવિધ આઠેક પાત્રોમાં વિદ્યા જોવા મળશે. વિદ્યા પોતાના પાત્રોની તૈયારી માં જીવ રેડી દે છે એ તો આપણે કહાની અને ડર્ટી પિક્ચર વખતે જોઈ જ ચુક્યા છીએ. પણ મુખ્ય પાત્રતો જાસૂસ નું જ રહેશે અને આ માટે એક સમયની હીટ ટીવી શ્રેણી કરમચંદમાં કામ કરી ચુકેલા પંકજ કપૂરને આધાર રાખી ને વિદ્યાએ બોબીની રીતભાત અને મેનેરીઝમ અપનાવ્યા છે તો આ જ ફિલ્મમાં કિરણ કુમાર પણ ઘણા લાંબા સમય પછી જોવા મળશે.

બોબી ની પાછળ પાછળ જ બીજા જ સજ્ઞાહે ૧૧ મી જુલાઈ એ મૈ તેરા હીરો જેવી મસ્ત હીટ આપનાર વરુણ ધવન અને ટુ-સ્ટેટસ જેવી સુપર હીટ ફિલ્મ વાળી આલિયા ભટ્ટની હમ્પટી શર્મા કી દુલ્હનિયા આવશે. ફિલ્મ માં વરુણનું મૂળ નામ રાકેશ છે પણ એને બધા હમ્પટી શર્મા કહીને જ બોલાવે છે જેના પરથી કરણ જોહર એ પ્રોડ્યુસ કરેલી આ ફિલ્મનું ટાઈટલ બન્યું છ. ટ્રેલર પરથી તો કુછ કુછ હોતા હૈ અને દિલવાલે દુલ્હનિયાની છાંટ હોય એવું લાગે છે ને આમેય કરણ પર આ બે ફિલ્મો હાવી થયેલી છે એટલે કદાચ એવી જ ફ્રેમ્સ અને વાર્તા નીકળે એવું બનવાની શક્યતા વધુ છે પણ જે રીતે વરુણનો અભિનય ખીલી રહ્યો છે અને આલિયાના દિવાનાઓ વધી રહ્યા છે એ જોતા આ ફિલ્મ પણ સારો બિઝનેસ કરી જશે એવું લાગે છે . આ બધાની વચ્ચે ૨૭મી જુને એકતા કપૂરની મોહિત સુરી દ્વારા દિગ્દર્શિત અને સિદ્ધાર્થ મલ્હોત્રાને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી રોમેન્ટિક થ્રીલ્લર એક વિલન , ૧૮ મી જુલાઈએ વિક્રમ ભટ્ટ જેના માટે પ્રખ્યાત છે એવી ઈરોટિક વાર્તાથી ભરપુર અને સુરવીન ચાવલાને સેક્સી અંદાજ માં રજુ કરતી હેટ સ્ટોરી-૨ આવશે. આ ફિલ્મને જોવા જવા માટેનું અમુક લોકો માટેનું એક કારણ એ પણ રહેશે કે આ ફિલ્મમાં પોર્ન સ્ટાર ટર્ન્ડ એક્ટ્રેસ સન્ની લિયોનનું એક આઈટમ સોંગ પણ છે. ૧૮ મી જુલાઈએ તમિલ - તેલુગુમાં કોમર્શિયલી હીટ થયેલી પિઝ્ઝા નું હિન્દી રીમેક આવશે. યુટીવી અને બિજોય નામ્બિયાર જેવા નામ જેની સાથે સંકળાયેલા છે એવી આ ફિલ્મ એક રહસ્યમય કુટુંબ ના ઘરે પીઝા ડીલીવરી કરવા ગયેલા મુખ્ય પાત્રની કશમકશ પર આધારિત છે. અને જુલાઈના છેલ્લા અઠવાડિયે આવશે સુપર સ્ટાર સલમાન ખાનની કીક . ટુ-સ્ટેટસ ફેમ ચેતન ભગતે જેની વાર્તા લખી છે એવી આ મચ અવેઈટેડ ફિલ્મનું સંગીત હીમેશ અને હની સિંઘે આપ્યું છે. મીકા સિંઘના અવાજ વાળું જુમ્મે કી રાત સોંગ આવનારા દિવસો નું ચાર્ટ બસ્ટર બનશે.

રીમાઈન્ડર

તુમ લોગ યહાં પરિવાર કે સાથ ચૈન સે જીઓ ઈસીલિયે હમ લોગ બોર્ડર પર રોજ મરતે હૈ - હોલીડે નો એક ડાયલોગ

હિન્દી ફિલ્મોમાં પહેલીવાર ત્રણ મુખ્ય પુરુષ પાત્રો ટ્રીપલ રોલમાં આ ફિલ્મમાં નજરે પડશે